Jesus Film Project

# પ્રભુ ઈસુ વિષે વિચાર કરો

સમુદાયના નાના જૂથો માટે ૧૦
અઠવાડિયા માટેની વ્યૂહરચના



# પ્રભુ ઈસુ વિષે વિચાર કરો

## સમુદાયના નાના જૂથો માટે ૧૦ અઠવાડિયા માટેની વ્યૂહરચના

"મગ્દલાની : શરમ થી છુટકારો" આ ફિલ્મનો ઉપયોગ કરીને લોકોને એ સમજાવવું કે ઇસુ કોણ છે અને તેમને અનુસરવું એટલે શું ?

# લીડર/આગેવાન માટે માર્ગદર્શન

તમારાં સમુદાયમાં ઈશ્વર તેમના રાજ્યના સ્થાપન માટે તમારો અર્થપૂર્ણ રીતે ઉપયોગ કરશે.

એ ઘટનાને યાદ કરો જ્યારે પ્રથમ વખત તમે શીખ્યા કે ઇસુ કોણ છે - તેમની કરુણા, તેમની કોમળતા, તેમની પવિત્રતા, તેમની નમ્રતા, અને તેમનું રાજવીપણું. તેઓ સઘળું હતા, જેની તમે આશા રાખી હતી, જેઓ તમને બચાવી અને મુક્ત કરી શકે. તેઓ તમારી આશા છે, અને તેઓ સઘળા દેશો અને સઘળા લોકો માટે આશા છે.

પ્રેરિત યોહાન પ્રકટીકરણના પુસ્તકમાં લખે છે.

"આ બીનાઓ બન્યા પછી મેં જોયું, તો જુઓ, સર્વ દેશોમાંથી આવેલા, સર્વ કુળના, લોકના તથા ભાષાના, કોઇથી ગણી શકાય નહીં એટલા માણસોની એક મોટી સભા ! તેઓ રાજ્યસનની આગળ તથા હલવાનની આગળ ઉભેલા હતા; તેઓએ શ્વેત ઝબ્બા પહેરેલા હતા, અને તેઓના હાથમાં ખજૂરની ડાળીઓ હતી; તેઓ મોટે સાદે પોકારીને કહે છે કે, અમારો દેવ, જે રાજ્યાસન પર બેઠેલો છે, તેને તથા હલવાનને તારણ [ને માટે] ધન્યવાદ હોજો." ( પ્રકટીકરણ ૭ : ૯-૧૦ )

રાજાઓના રાજા કોણ છે તેનું તમને શક્તિશાળી જ્ઞાન છે, અને અમે તમને આ બાબત અન્ય લોકો સાથે વહેંચવા અને ખ્રિસ્તનાં પરિવારમાં સાથે વધવા માટે સજ્જ કરવા માંગીએ છીએ.

ઈસુએ માથ્થીની સુવાર્તાના છેલ્લા અધ્યાયમાં કહ્યું:

"તેથી તમે બધાજ દેશોમાં જાઓ અને સર્વ લોકોને મારા શિષ્યો બનાવો, બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માના નામે તેઓને બાપ્તિસ્મા આપો. મેં તમને જે જે આજ્ઞા આપી છે તે પ્રમાણે તેઓને તે આજ્ઞાઓનું પાલન કરવાનું શીખવતા જાઓ અને જુઓ, જગતના અંતકાળ પર્યંત સદાય હું તમારી સાથે છું."  ( માથ્થી ૨૮: ૧૯-૨૦)

તે આપણને કહે છે કે જાઓ, શિષ્યો બનાવો, તેમને બાપ્તિસ્મા આપો અને શીખવો, અને તે સદાય આપણી સાથે રહેશે, દરેક ખીણ અને પર્વતની ટોચ પર આપણી સાથે રહેશે. "પ્રભુ ઈસુ વિષે વિચાર કરો."એક મહાન વ્યૂહરચના બનાવવા માટે મદદ કરે છે . તેનો ઉપયોગ કરીને તમે એવા પ્રતિબદ્ધ શિષ્યોને ઘડવામાં મદદ કરી શકો છો જેઓ તેમના જીવનને ઈશ્વર માટે અર્પણ કરે છે કારણ કે તેઓ ઈસુ કોણ છે તે વધુ ઊંડાણપૂર્વક શીખે છે.

"પ્રભુ ઈસુ વિષે વિચાર કરો."ફિલ્મ "મગ્દલાની : શરમ થી છુટકારો" ના અમુક ભાગોનો ઉપયોગ કરે છે, જે મગ્દલાની મરિયમના દ્રષ્ટિકોણથી, અને તેની જુબાની દ્વારા બાઈબલમાંથી ઇસુની વાર્તા દર્શાવે છે. પરિવારના સભ્યો, મિત્રો અને પરિચિતો સાથે નાના જૂથમાં ઉપયોગ કરવા માટે આ એક ઉત્તમ સાધન છે. જેમ જેમ તેઓ દરેક ફિલ્મના ભાગો (સેગમેન્ટ) જુએ છે, તેમ તેમ તેઓ ઈસુના જીવન, ચમત્કારો, મૃત્યુ અને પુનરુત્થાન વિશે વધુ શીખી શકે છે. ઘણા લોકો ફક્ત ઈસુ કોણ છે તેના કારણે ઈસુને અનુસરશે , જ્યારે અન્ય લોકો તેમના વિશે વધુ જાણવા માટે ઇચ્છાં દર્શાવશે. શ્રેણીના અંતે, "પ્રભુ ઈસુ વિષે વિચાર કરો."જીસસ ફિલ્મ પ્રોજેક્ટ દ્વારા બનાવેલા રિબકા અથવા નોઇંગ જીસસ (ઇસુ વિષે જાણવું) સાધનનો ઉપયોગ કરીને વધુ નાના જૂથને આમંત્રણ આપે છે.

"પ્રભુ ઈસુ વિષે વિચાર કરો."નો ઉપયોગ કરવા માટે ચાર સરળ પગલાં છે.

# પગલું 1

# 01

તમે કોના સુધી પહોંચવા માંગો છો તે નક્કી કરો

કોણ ઈસુ વિશે વધુ જાણવા માંગે છે? શું નજીકનું કોઈ ગામ કે તમારા પડોશી છે જેને તેમના વિશે જાણવાની જરૂર છે? તમારા મિત્રો કે સહકાર્યકરોનો સમૂહ?

સૌ પ્રથમ, તે જગ્યાએ "શાંતિપ્રિય વ્યક્તિ" ની તપાસ કરો. લુક ૧૦:૬ માં, ઈસુ તેમના ૭૨ અનુયાયીઓને તેમનો સંદેશો પહોંચાડવા માટે મોકલે છે, અને તેઓને સૂચના આપે છે કે તેઓ જ્યાં પણ જાય ત્યાં શાંતિપ્રિય વ્યક્તિ શોધે.

શાંતિપ્રિય વ્યક્તિ એવી વ્યક્તિ છે, જરૂરી નથી કે તે વિશ્વાસુ  હોય, જે:

- ખ્રિસ્ત અને તેમના ઉપદેશો માટે ખુલ્લું

- સમુદાયમાં પ્રભાવશાળી અથવા જાણીતા

- તમારા પસંદ કરેલા સમુદાયમાં તેમના નેટવર્ક/લોકોનો પરિચય કરાવવા માટે તૈયાર અને ઉપલબ્ધ

- બીજી વ્યક્તિઓને મગ્દલાની ફિલ્મ જોવા આમંત્રણ આપવા માટે તમને મદદ કરવા તૈયાર હોય.

અમે ભલામણ કરીએ છીએ કે તમે આવા વ્યક્તિ સાથે સારો સંબંધ બનાવો. તમે આ ત્રણ-પગલાની પ્રક્રિયાનો ઉપયોગ તમારા શાંતિપ્રિય વ્યક્તિ સાથેના સંબંધને વિકસાવવા માટે માર્ગદર્શક સાધન તરીકે કરી શકો છો.

**અ. પ્રાથના**

આ શાંતિપ્રિય વ્યક્તિ માટે પ્રાર્થના કરો. પ્રાર્થના કરો કે પ્રભુ તે વ્યક્તિ તમને બતાવે કે શોધવામાં સહાય કરે. - એક એવી વ્યક્તિ જે તમને તેમના પરિવાર અને મિત્રો સાથે પરિચય કરાવશે. જેમ જેમ તમે આ વ્યક્તિને મળો  છો, તેમ તેમ પૂછો કે તમે તેમના માટે કેવી રીતે પ્રાર્થના કરી શકો છો.

**બ. કાળજી / દેખભાળ**

આ શાંતિપ્રિય વ્યક્તિ માટે પ્રાર્થના કરો. પ્રાર્થના કરો કે પ્રભુ તે વ્યક્તિ તમને બતાવે કે શોધવામાં સહાય કરે. - એક એવી વ્યક્તિ જે તમને તેમના પરિવાર અને મિત્રો સાથે પરિચય કરાવશે. જેમ જેમ તમે આ વ્યક્તિને મળો  છો, તેમ તેમ પૂછો કે તમે તેમના માટે કેવી રીતે પ્રાર્થના કરી શકો છો.

**ક. શેર / બીજાઓને જણાવવું**

જેમ જેમ આપણે લોકોની વાત સાંભળીએ છીએ અને તેમની જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરીએ છીએ, તેમ તેમ આપણને ઈસુના શુભ સમાચાર બીજાઓને જણાવવાની તક મળે છે. જ્યારે તક મળે, ત્યારે ઈસુ અને તેમની ક્ષમાના શુભ સમાચાર તમારા શાંતિપ્રિય વ્યક્તિ સાથે શેર કરો, જો તેઓ પહેલાથી જ તેમને ઓળખતા ના હોય તો.

# પગલું ૨

# 02

**"મગ્દલાની : શરમ થી છુટકારો" - બતાવો**

આ વ્યૂહરચના માટે, આપણે ઉદાહરણ તરીકે મહિલા જૂથનો ઉપયોગ કરીશું, જોકે, પુરુષો અને પરિવારોનું પણ સ્વાગત કરીએ છે અને તેઓને "પ્રભુ ઈસુ વિષે વિચાર કરો!" નો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરો.

તમારા શાંતિપ્રિય વ્યક્તિ સાથે, કેટલીક સ્ત્રીઓને "મગ્દલાની" જોવા માટે આમંત્રિત કરો, બની શકે તો શાંતિપ્રિય વ્યક્તિના ઘરે. ભોજનની વ્યવસ્થા કરો અને પછી ફિલ્મ જુઓ અથવા નાસ્તો અને કંઈક પીવા માટે આપો. હાજરી આપનાર દરેક વ્યક્તિની સારી સંભાળ રાખો અને ઉદારતાથી આવકાર/સંભાળ કરો.

"મગ્દલાની" જીસસ ફિલ્મ પ્રોજેક્ટ વેબસાઇટ અને જીસસ ફિલ્મ પ્રોજેક્ટ એપ્લિકેશન પર 200 થી વધુ ભાષાઓમાં મફતમાં ઉપલબ્ધ છે. જો તમારી પાસે USB પોર્ટવાળા ટેલિવિઝનની વ્યવસ્થા હોય, તો "મગ્દલાની" ફિલ્મને બતાવવા માટે ફ્લેશ/પેન ડ્રાઇવનો ઉપયોગ કરો. જો તમારી પાસે બ્લૂટૂથ સ્પીકર સાથે ટેબ્લેટ ઉપકરણનો સેટ છે, તો તમે 10 જેટલા નાના જૂથને અથવા જો મોટી જગ્યાની વ્યવસ્થા હોય તો તેનાથી પણ વધુ લોકોને ફિલ્મ બતાવી શકો છો.

ફિલ્મના અંતે, તમારા પ્રેક્ષકોને વધુ જાણકારી અને આગળની મીટિંગ માટે બે વૈકલ્પિક આમંત્રણો આપો:

સૌ પ્રથમ, સ્ત્રીઓને ઈસુના અનુયાયી બનવા માટે આમંત્રણ આપો. ત્યારબાદ તમારી પોતાની વાર્તા/સાક્ષીને ફિલ્મમાં જોયેલી વાર્તાઓ સાથે સાંકળિને તેમની સાથે શેર કરો.

બીજું, તેમને બીજા દિવસે પાછા આવીને ઈસુ વિશે વધુ વાત કરવા અથવા શીખવા માટે આમંત્રણ આપો! તેમને એવા મિત્રો લાવવા પડકાર આપો જેમને પણ ઇસુ વિષે જાણવામાં રસ હોઈ શકે. આ રીતે તમે તેમના પ્રશ્નોના જવાબ આપી શકો છો અને "પ્રભુ ઈસુ વિષે વિચાર કરો" અભ્યાસક્રમ દ્વારા ખ્રિસ્તની વાર્તાઓનો અભ્યાસ શરૂ કરી શકો છો.

ત્યારબાદ, હાજર રહેલી મહિલાઓ વિષે વધુ જાણવા માટે સમય કાઢો. કારણ કે ફિલ્મમાં તેમણે જોયેલી વાર્તાઓ અને વિષય તેમના  પોતાના  જીવનના એવા ભાગોને ધ્યાનમાં લાવી શકે છે જે પીડાદાયક હોય શકે છે. જો જરૂર પડે તો તેમના માટે વ્યક્તિગત રીતે પ્રાર્થના કરો.

હવે શ્રેષ્ઠ ભાગ આવે છે!

# પગલું ૩ 03

**તમારું નવું " પ્રભુ ઈસુ વિષે વિચાર કરો" નાનું સામુદાયિક ગ્રુપ શરૂ કરો**

દરેક સ્ત્રી માટે પ્રાર્થના કરો જેઓ ઈસુ અને નાના સમૂહમાં રસ રાખે છે. - કે પવિત્ર આત્મા તેમના હૃદયરૂપી માટીને નરમ બનાવે. પ્રાર્થના કરો કે ઈસુની દરેક વાર્તા તેમના પર નોંધપાત્ર અને અર્થપૂર્ણ રીતે અસર કરે, અને તેઓ વ્યક્તિગત રીતે વાર્તાઓ સાથે જોડાય.

આ મીટિંગમાં અને ત્યારપછીની મીટિંગમાં, તમે ઈસુ વિશે વધુ જાણવા અને તેમના વિશે વધારે વાતચિત કરવા માટે ફિલ્મ "મગ્દલાની"ના 10 નાના ભાગો (સેગમેન્ટ) નો ઉપયોગ કરશો. દરેક સેગમેન્ટ માટે અહીં સામાન્ય વિષયોની શુચિ છે:

૧. દરેક સ્ત્રી જે જોઈ અને જાણીતી છે
૨. ઈસુ: એક પ્રબોધક કરતાં કંઈ વિશેષ છે.
૩. ગુલામીમાંથી મુક્તિ
૪. ઈસુની કરુણા
૫. સંઘર્ષ અને પૂર્વધારણા
૬. સજાપણું અને પુનઃસ્થાપન
૭. શરમ અને સન્માન
૮. ઈસુ અને તેમની ક્ષમા વિશે જાણવું
૯. ઈસુને સ્વીકારવાની અને બીજાઓને પણ જણાવવાની ઇચ્છા
૧૦. ઈસુની સાથે/સંગતરહેવું

આવનારા અઠવાડિયાઓ દરમિયાન, તમારા નવા જૂથને ઈસુ ખ્રિસ્ત અને તેમના અનુયાયી હોવાનો અર્થ શું છે તે વિશેની સમજણમાં વધારો થશે. તેમને ખ્રિસ્તી સમુદાયમાં જીવનનો અનુભવ કરવાની તક પણ મળશે.

દરેક મીટિંગ માટે અમેથ્રી-થર્ડ્સ (3/3) ફોર્મેટનો ઉપયોગ કરીએ છીએ જે દ્રઢ મિત્રતા બનાવવામાં મદદ કરે છે. 3/3 ફોર્મેટ એક વ્યવહારુ જૂથ માળખું છે જે તમારી મીટિંગ્સ માટે સરળતા પ્રદાન કરે છે અને ઇરાદાપૂર્વક, પ્રોત્સાહન અને વૃદ્ધિ સુનિશ્ચિત કરે છે. તેમાં ત્રણ ભાગોનો સમાવેશ થાય છે: પાછળ જોવું, ઉપર જોવું અને આગળ જોવું.

વિશેષ નોંધ , ધ્યાનમાં લો કે " પ્રભુ ઈસુ વિષે વિચાર કરો" અભ્યાસક્રમ એક નમૂના રૂપે બનાવવામાં આવેલ છે, જે તમે પ્રભુ ઇસુના સંદેશને પૂર્ણ કરવામાં મદદ કરે છે. કૃપા કરીને તમારી સાંસ્કૃતિક/સામાજિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શ્રેષ્ઠ રીતે ઉપગોગ કરો!

# થ્રી-થર્ડ્સ (3/3)

## શિષ્યત્વ/શિષ્યપણાંની તાલીમ પ્રક્રિયા



પાછળ જોવું

**પાછળ જોવું**

- **સંભાળ:** તમે કેમ છો અથવા કેવું કરી રહ્યા છો તે વિષે જણાવો. જીવનની વાર્તાઓ જણાવો.
- **આરાધના:** ગીત અને પ્રાર્થનામાં સાથે મળીને આરાધના કરો.
- **પ્રભુનું વિશ્વાસપણું:** તમે જે શીખી રહ્યા છો તેને કેવી રીતે લાગુ કરી રહ્યા છો તે જણાવો.
- **દર્શન ની વહેંચણી :** ઈસુ તમારા જીવનમાં કેવી રીતે પરિવર્તન લાવી શકે છે તે જણાવો.

એકબીજાને પ્રોત્સાહન આપો.



ઉપર જોવું

**ઉપર જોવું**

- **બતાવો:** ભાગો (સેગમેન્ટ ) બે વાર જુઓ. ઈસુ વિશે એક નવી વાર્તા સાથે મળીને શીખો.
- ક**હેવું/ સૂચવવું :** કોઈ વ્યક્તિને તેમના પોતાના શબ્દોમાં આ ભાગની વાર્તા કહેવા માટે કહો.
- **પૂર્ણ:** પ્રથમ વ્યક્તિ દ્વારા વાર્તામાં રહી ગયેલ ભાગ વિષે બોલવા અન્ય લોકોને આમંત્રિત કરો.
- ચ**ર્ચા કરો:** સમય ધ્યાનમાં રાખી શક્ય હોય તેટલા પ્રશ્નોની ચર્ચા કરો.



આગળ જોવું

**આગળ જોવું**

- **લાગુ કરો:** તમે જે શીખ્યા છો તેને તમે કેવી રીતે જીવનમાં લાગુ કરશો તે નક્કી કરો.
- પ્**રેક્ટિસ:** એકબીજાને વાર્તા કહો.
- **શેર કરો:** તમે બીજા કોની સાથે વાર્તા કહેશો તેની ચર્ચા કરો.
- પ્**રાર્થના:** આપણે જે શીખ્યા તે માટે પ્રભુનો આભાર માનો. એકબીજા માટે અને ગ્રુપના અન્ય લોકો માટે પ્રાર્થના કરો.

# પગલું ૪

# 04

**આગળનું પગલું લો**

"પ્રભુ ઈસુ વિષે વિચાર કરો."ના છેલ્લા પાઠમાં ખ્રિસ્તી જીવન જીવવા વિષે ચર્ચા કરવામાં આવશે. આ ભાગમાં, મરિયમ ઈસુને અનુસરવાના આમંત્રણ અને અનુસરવાની કિંમત વિષે વાત કરે છે. જો તમારા જૂથના વ્યક્તિઓ તૈયાર હોય તો તેમને તેમના આગલા પગલા તરફ માર્ગદર્શન આપવું મહત્વપૂર્ણ રહેશે. આ તમારા જૂથના એક અથવા વધુ સભ્યોને પોતાનું "પ્રભુ ઈસુ વિષે વિચાર કરો."જૂથ શરૂ કરવા અને તેઓએ જે જોયું અથવા શીખ્યું છે તે અન્ય લોકો સાથે શેર કરવા માટે પડકાર આપવાની એક શ્રેષ્ઠ તક હોઈ શકે છે. જો તમારું જૂથ એકસાથે મળવાનું ચાલુ રાખવા માંગે છે, તો અમે "રિબકા" અથવા "ઇસુને જાણવું" જેવા નવા જૂથ અભ્યાસ શરૂ કરવાની ભલામણ કરીએ છીએ. તમે આ બંને અભ્યાસો વિશે નીચે વધુ માહિતી મેળવી શકો છો:

રિબકા માહિતી પૃષ્ઠ:
www.jesusfilm.org/partners/resources/strategies/women/gather-and-grow/

ઇસુને જાણવું માહિતી પૃષ્ટ:
www.jesusfilm.org/partners/resources/strategies/knowing-jesus/

ઈસુને જાણવાનો પ્રમોશનલ વિડિઓ:
www.youtube.com/watch?v=MkYpNK5OvKk

**લીડરની ઝડપી સંદર્ભ માર્ગદર્શિકા**

સેગમેન્ટનો અભ્યાસ કેવી રીતે કરવો

મરિયમના જીવનની ક્ષણોનો વધુ સારી રીતે અભ્યાસ કરવા માટે "મગ્દલાની" ફિલ્મને ઘણા ભાગોમાં વિભાજીત કરવામાં આવી છે જ્યાં તેણીએ ઈસુને માનવ સ્થિતિની દુષ્ટતા પર શક્તિશાળી રીતે કાબુ મેળવતા જોયા હતા. તમારા અભ્યાસને માટે શ્રેષ્ઠ માર્ગ એ છે કે આપેલા ફોર્મેટમાં એક પછી એક (ક્રમિક રીતે ) વિભાગોમાંથી શિખતા જવું.

દર અઠવાડિયે બધા પ્રશ્નોનો જવાબો આપવા જરૂરી નથી, પરંતુ મુખ્ય વાત એ છે કે તમારા જૂથના સભ્યોને ઈસુ કોણ છે અને મરિયમના જીવનના રૂપાંતર વિશે વિભાગો/સેગમેન્ટ શું દર્શાવે છે તે મુક્તપણે ચર્ચા કરવાની તક આપવી. એક સહાયક તરીકે તમારી જવાબદારી પણ છે કે તમે તમારા જૂથ માટે સરળ અને સલામત વાતાવરણ બનાવો. આ કરવા માટે, તમારી ભૂમિકા ધ્યાનથી સાંભળવાની અને માર્ગદર્શન આપવાની છે. આ સમય જૂથ માટે ચર્ચાનો છે અને પ્રચારનો નથી.

વિડિયો મેળવવા માટે, તમારી જીસસ ફિલ્મ પ્રોજેક્ટ એપ્લિકેશન પર જાઓ અને નીચે ઇટાલિકમાં ચિહ્નિત કરેલા શીર્ષક દ્વારા દરેક સેગમેન્ટ શોધવા માટે સર્ચ ( શોધવું ) બાર કે બટનનો ઉપયોગ કરો, અથવા તેમને અહીં જીસસ ફિલ્મ પ્રોજેક્ટ વેબસાઇટ પર શોધો. દરેક સેગમેન્ટ દરેક પાઠના શીર્ષકમાં પણ લિંક થયેલ છે.

આ અભ્યાસમાં ઉપયોગમાં લેવાયેલી ફિલ્મ "મગ્દલાની"ના વ્યક્તિગત ભાગો અહીં છે:

**પાઠ ૧:** દરેક સ્ત્રી જે જોઈ અને જાણીતી છે (સેગમેન્ટ: મગ્દલાની મરીયમ રિબકાના ઘરે જાય છે).

**પાઠ ૨:** ઈસુ: એક પ્રબોધક કરતાં અતિ વિશેષ (ભાગ: મરિયમને જાહેરાત).

**પાઠ ૩:** ગુલામીમાંથી મુક્તિ (ભાગ: મગદલ્લાંની મરીયમ શેતાનથી મુક્ત).

**પાઠ ૪:** ઈસુની કરુણા (ભાગ: ઈસુ વિધવાના દીકરાને ઉઠાડે (સજીવન કરે) છે).

**પાઠ ૫**: સંઘર્ષ અને પૂર્વધારણા(વિભાગ: કૂવા પાસેની સ્ત્રી ).

**પાઠ 6:** સજાપણું અને પુનઃસ્થાપન (વિભાગ: લોહીની સમસ્યા ધરાવતી સ્ત્રી).

**પાઠ ૭:** શરમ અને સન્માન (ભાગ: વ્યભિચારી સ્ત્રીને માફ કરવામાં આવી).

**પાઠ ૮:** ઈસુનું મૃત્યુ અને પુનરુત્થાન (ભાગ: મરિયમ ઈસુના મૃત્યુ અને પુનરુત્થાનનું વર્ણન કરે છે).

**પાઠ 9:** ઈસુ અને તેમની ક્ષમાને જાણવી (વિભાગ: રિબકા વિશ્વાસ કરે છે).

**પાઠ ૧૦:** ઈસુ સાથે રહેવું (વિભાગ: ખ્રિસ્તી જીવન જીવવું).

અમે પ્રાર્થના કરીએ છીએ કે ઈશ્વર તમને આશીર્વાદ આપે કારણ કે તમે વિશ્વાસ કરો છો , કે ઈશ્વર તેમના રાજ્યની વૃદ્ધિ કરવા માટે તમારો ઉપયોગ કરશે.

# પાઠ ૧: દરેક સ્ત્રી જે જોઈ અને જાણીતી છે

મગ્દલાની મારીયમ રિબકાના ઘરે જાય છે ( ગીતશાસ્ત્ર ૧૩૯ )

**પાછળ જોવું**

**એકબીજાની સંભાળ રાખો**
• તમે કેવું કરી રહ્યા છો અથવા જીવનમાં શું ચાલી રહ્યું છે તે જણાવો.
• ઉદારતાનો અનુભવ કરો.

**ઈશ્વરની વફાદારી (વિશ્વાસપણાં) ની ઉજવણી કરો**
• જીતમાં (ગવાહી/સાક્ષી) એકબીજાને પ્રોત્સાહિત કરો.

**આરાધના**
• ગીતો અને પ્રાર્થનામાં સાથે મળીને આરાધના કરો.

**દર્શન વિષે જણાવો**
• એકબીજાને ખ્રિસ્તના સમર્પિત અનુયાયી બનવા માટે પ્રોત્સાહિત કરો.

---

અરણ્યમાં, ખોવાયેલી, એકલી અને નિરાશ, હાગાર નામની એક સ્ત્રી દાસીને ઈશ્વર મળ્યા. બાઇબલ કહે છે, “તેથી તેણીએ યહોવાહ, જેણે તેની સાથે વાત કરી તેનું નામ તું "જોનાર દેવ છે,' પાડ્યું ,કારણ કે તેણીએ કહ્યું, ‘ખરેખર અહીં મેં મારી સંભાળ રાખનારને જોયો છે'" (ઉત્પત્તિ ૧૬:૧૩-૧૪). આજે આપણે સાથે મળીને આપણા દરેકને જોનારા અને જાણનારા ઈશ્વર વિશે શીખવાની યાત્રા શરૂ કરીએ છીએ.

**ઉપર જોવું**

**પગલું ૧:** બતાવો. સેગમેન્ટ (ભાગ ) બે વાર જુઓ.

**પગલું ૨:** કહેવું. જૂથના સભ્યને તેમના પોતાના શબ્દોમાં ભાગ (સેગમેન્ટ)ની વાર્તા કહેવા માટે કહો.

**પગલું ૩:** પૂર્ણ કરો. જૂથને વાર્તામાં કોઈપણ બાકી રહી ગયેલ ભાગ કહેવા માટે કહો

**પગલું ४:** ચર્ચા કરો. જૂથ ચર્ચા. નોંધ: બધા પ્રશ્નો પૂર્ણ કરવા જરૂરી નથી.

૧. વાર્તામાં તમને સૌથી વધુ શું ગમ્યું? તમારું ધ્યાન કઈ બાબત માટે સૌથી વધુ કેન્દ્રિત થયું?
૨. તમને કેમ લાગે છે કે રિબકાને શંકા હતી કે શું ઈશ્વર તેને પ્રેમ કરશે અથવા તો શું તેને ઓળખશે પણ?
૩. આજે ઘણા લોકો ઈશ્વર વિશે વાત કરે છે. આપણે કેવી રીતે જાણી શકીએ કે ઈશ્વર ખરેખર આપણા વિશે શું વિચારે છે અથવા અનુભવે છે?
૪. ગીતશાસ્ત્ર ૧૩૯:૧-૧૮ વાંચો. અહીં પ્રબોધક દાઊદ શું કહે છે કે ઈશ્વર આપણને કેટલી સારી રીતે જાણે છે?

**વધુ ઊંડાણમાં જઈએ (જો સમય મળે તો વધુ ચર્ચા કરો )...**
૫. ઈશ્વર તમને જુએ છે અને સમજે છે એ જાણીને તમને કેવું લાગે છે?
૬. દાઉદ લખે છે કે ઈશ્વર આપણા વિશે બધું જાણે છે, છતાં તે આપણને પ્રેમ કરવા અને માર્ગદર્શન આપવા માટે વિશ્વાસુ છે, અને હંમેશા આપણી સાથે છે. તમને એવું કેમ લાગે છે કે ક્યારેક આપણે આ વિષે શંકા કરીએ છીએ?

**સમાપન**

આપણા સર્જનહાર દ્વારા સંપૂર્ણ રીતે જાણીતા થવું અને સંપૂર્ણ પ્રેમ પામવાનો અર્થ શું થશે તેના પર મનન કરો. જો તમારા દરેક ભાગને જોવામાં આવે, આવરી લેવામાં આવે અને મૂલ્યવાન બનાવવામાં આવે તો શું થાય? ઈસુ તમારી બધી નિષ્ફળતાઓ માટે ક્ષમા અને તમારા આખા જીવન માટે એક હેતુ આપે છે. તે તેમની પાસે આવનારા બધાને અનંત જીવન અને તેમની સાથે કાયમ રહેવાનું વચન આપે છે. તમને ઈશ્વરની પ્રતિમા અને તેમના પોતાના સ્વરૂપ પ્રમાણે બનાવવામાં આવ્યા છે. તમે પ્રતિષ્ઠિત અને કિંમતી છો કારણ કે તમને ઈશ્વરની પ્રતિમામાં બનાવવામાં આવ્યા છે (ઉત્પત્તિ 1:26-27). "પ્રભુ ઈસુ વિષે વિચાર કરો."

**આગળ જોવું**

**લાગુકરણ**
- ઈશ્વરે પોતાને વિશ્વાસયોગ્ય કેવી રીતે દર્શાવ્યા?
- તમે ઈશ્વર વિશે જે શીખ્યા છો તેને તમે કેવી રીતે લાગુ કરશો?

**પ્રેક્ટિસ**
- એકબીજાને વાર્તા કહેવાની પ્રેક્ટિસ કરો.

**શેર કરો ( બીજાઓને જણાવો )**
- તમે આ વાર્તા બીજા કોની સાથે શેર કરશો અથવા જણાવશો?

**પ્રાથના**
- તમે જે શીખ્યા એના માટે પ્રભુને ધન્યવાદ આપો.
- એકબીજા માટે પ્રાથના કરો.
- જુથ અને સમુદાયના બીજા લોકો માટે પણ પ્રાથના કરો.

# પાઠ ૨: ઈસુ: એક પ્રબોધક કરતાં અતિ વિશેષ

મરિયમને જાહેરાત (લુક ૧:૨૬-૩૭)

**પાછળ જોવું**

**એકબીજાની સંભાળ રાખો**
• તમે કેવું કરી રહ્યા છો અથવા જીવનમાં શું ચાલી રહ્યું છે તે જણાવો.
• ઉદારતાનો અનુભવ કરો.

**ઈશ્વરની વફાદારી (વિશ્વાસપણાં) ની ઉજવણી કરો**
• જીતમાં (ગવાહી/સાક્ષી) એકબીજાને પ્રોત્સાહિત કરો.

**આરાધના**
• ગીતો અને પ્રાર્થનામાં સાથે મળીને આરાધના કરો.

**દર્શન વિષે જણાવો**
• એકબીજાને ખ્રિસ્તના સમર્પિત અનુયાયી બનવા માટે પ્રોત્સાહિત કરો.

---

ઈસુના જન્મથી સેંકડો વર્ષો પહેલા, પ્રબોધક યશાયાહે ભવિષ્યવાણી કરી હતી કે ઈસ્રાએલને એક નિશાની આપવામાં આવશે: એક કુંવારી સ્ત્રી પુત્રને ગર્ભ ધારણ કરશે (યશાયાહ ૭:૧૪). આ પુત્ર, ઈસુએ પોતાને એટલા નમ્ર કર્યા કે તે બધા જીવીત લોકોમાં સૌથી નમ્ર બન્યા: એક બાળક. તેમણે માનવતાનો સંપૂર્ણ અનુભવ કર્યો, દર્શાવ્યું કે તે ફક્ત સંપૂર્ણ ઈશ્વર જ નહીં, પણ સંપૂર્ણ માણસ પણ છે. તે આપણી સાથે સંબંધ પુનઃસ્થાપિત કરવા માટે વધતી જતી પીડા, માંદગી, ભૂખ, તરસ, દુ:ખ અને ઈજાનો સામનો કરવા તૈયાર હતા. અને જ્યારે ઈસુનો જન્મ થયો, ત્યારે તેમનો જન્મ એક કુંવારી સ્ત્રી: કુંવારી મરિયમથી થયો.

**ઉપર જોવું**

**પગલું ૧:** બતાવો. સેગમેન્ટ (ભાગ ) બે વાર જુઓ.

**પગલું ૨:** કહેવું. જૂથના સભ્યને તેમના પોતાના શબ્દોમાં ભાગ (સેગમેન્ટ)ની વાર્તા કહેવા માટે કહો.

**પગલું ૩:** પૂર્ણ કરો. જૂથને વાર્તામાં કોઈપણ બાકી રહી ગયેલ ભાગ કહેવા માટે કહો

**પગલું ૪:** ચર્ચા કરો. જૂથ ચર્ચા. નોંધ: બધા પ્રશ્નો પૂર્ણ કરવા જરૂરી નથી.

૧. વાર્તામાં તમને સૌથી વધુ શું ગમ્યું? તમારું ધ્યાન કઈ બાબત માટે સૌથી વધુ કેન્દ્રિત થયું?
૨. સ્વર્ગદૂતનો સંદેશો સાંભળીને મરિયમને કેવું લાગ્યું હશે? જો તમને આવા સમાચાર મળ્યા હોત તો તમને કેવું લાગ્યું હોત?
૩. સ્વર્ગદૂત કહે છે, "ઈશ્વર માટે કંઈ પણ અશક્ય નથી." અત્યારે તમને શું અશક્ય લાગે છે?
૪. સ્વર્ગદૂતે કહ્યું કે બાળકને "ઈશ્વરનો પુત્ર" કહેવામાં આવશે, એનો શું અર્થ થાય છે?

**વધુ ઊંડાણમાં જઈએ ( જો સમય મળે તો વધુ ચર્ચા)...**
૫. ઈસુનો જન્મ કુંવારી સ્ત્રીથી થયો હતો એ તમારા મતે શા માટે મહત્વપૂર્ણ છે?

**સમાપન**

ઈસુના અદ્ભુત અને અતુલ્ય ગર્ભધારણ અને જન્મ વિષે મનન કરો. તે ઈશ્વર અને માણસ બંને છે. તે વિશ્વના અને માનવ બંનેના સર્જનહાર છે. તે એવી વ્યક્તિ છે જેને આપણે ઓળખી શકીએ છીએ અને તારણહાર તરીકે વિશ્વાસ કરી શકીએ છીએ. "પ્રભુ ઈસુ વિષે વિચાર કરો."

## આગળ જોવું

**લાગુકરણ**

- ઈશ્વરે પોતાને વિશ્વાસયોગ્ય કેવી રીતે દર્શાવ્યા?
- તમે ઈશ્વર વિશે જે શીખ્યા છો તેને તમે કેવી રીતે લાગુ કરશો?

**પ્રેક્ટિસ**

- એકબીજાને વાર્તા કહેવાની પ્રેક્ટિસ કરો.

**શેર કરો ( બીજાઓને જણાવો )**

- તમે આ વાર્તા બીજા કોની સાથે શેર કરશો અથવા જણાવશો?

**પ્રાથના**

- તમે જે શીખ્યા એના માટે પ્રભુને ધન્યવાદ આપો.
- એકબીજા માટે પ્રાથના કરો.
- જુથ અને સમુદાયના બીજા લોકો માટે પણ પ્રાથના કરો.

# પાઠ ૩. બંધનમાંથી મુક્તિ

મગ્દલાની મરિયમ દુષ્ટ આત્માથી મુક્ત (લુક ૮:૧-૨)

**પાછળ જોવું**

**એકબીજાની સંભાળ રાખો**
• તમે કેવું કરી રહ્યા છો અથવા જીવનમાં શું ચાલી રહ્યું છે તે જણાવો.
• ઉદારતાનો અનુભવ કરો.

**ઈશ્વરની વફાદારી (વિશ્વાસપણાં) ની ઉજવણી કરો**
• જીતમાં (ગવાહી/સાક્ષી) એકબીજાને પ્રોત્સાહિત કરો.

**આરાધના**
• ગીતો અને પ્રાર્થનામાં સાથે મળીને આરાધના કરો.

**દર્શન વિષે જણાવો**
• એકબીજાને ખ્રિસ્તના સમર્પિત અનુયાયી બનવા માટે પ્રોત્સાહિત કરો.

---

માનવ તસ્કરી, વ્યસન, પલાયનવાદ. આજે વિશ્વમાં ગુલામીના ઘણા પ્રકારો છે. બાઇબલ આપણને શીખવે છે કે માનવતા પાપની ગુલામીમાં છે, પરંતુ તે એ પણ શીખવે છે કે સ્વતંત્રતા મળી શકે છે. આ વાર્તામાં, મરિયમ, ગુલામી અને દુષ્ટાત્મા દ્વારા કબજો, ઈસુના અધિકાર અને સામર્થ્ય વીશે જોઈશું.

**ઉપર જોવું**

**પગલું ૧:** બતાવો. સેગમેન્ટ (ભાગ ) બે વાર જુઓ.

**પગલું ૨:** કહેવું. જૂથના સભ્યને તેમના પોતાના શબ્દોમાં ભાગ (સેગમેન્ટ)ની વાર્તા કહેવા માટે કહો.

**પગલું ૩:** પૂર્ણ કરો. જૂથને વાર્તામાં કોઈપણ બાકી રહી ગયેલ ભાગ કહેવા માટે કહો

**પગલું ૪:** ચર્ચા કરો. જૂથ ચર્ચા. નોંધ: બધા પ્રશ્નો પૂર્ણ કરવા જરૂરી નથી.

૧. વાર્તામાં તમને સૌથી વધુ શું ગમ્યું? તમારું ધ્યાન કઈ બાબત માટે સૌથી વધુ કેન્દ્રિત થયું?
૨. મરિયમની ગુલામીની તેના વ્યક્તિગત જીવન અને તેના સમુદાય પર કેવી અસર પડી?
૩. મરિયમને ઈસુએ જે જવાબ આપ્યો તે તેમના વિશે શું પ્રગટ કરે છે?
૪. ઈસુ દ્વારા મુક્ત થયા પછી મરિયમ કેવી રીતે રૂપાંતરિત થઈ?

**વધુ ઊંડાણમાં જઈએ (જો સમય મળે તો વધુ ચર્ચા)...**
૫. શા માટે એ નોંધપાત્ર છે કે દુષ્ટઆત્માઓ ઈસુને જાણતા હતા અને તેમને “ઈશ્વરના પવિત્ર” કહીને બોલાવે છે?
૬. ઇસુએ મરિયમને મુક્ત કરી રહ્યા હતા, ત્યારે ત્યાં ઉભેલા વ્યક્તિઓ (જોનારાઓએ) ઈશુ વિષે શું વિચાર્યું હશે?
૭. કલ્પના કરો કે આ વાર્તામાં તમે મરિયમની જગ્યા પર છો. તમને શું લાગે છે કે તમને ઈસુ પ્રત્યે કેવું ( કેવી લાગણીનો ) અનુભવ થયો હોત?

## સમાપન

વાર્તામાં મારીયમે અનુભવ કરેલ સ્વતંત્રતા વિષે મનન કરો. મુક્ત થયા પછી તેની આંખોમાં રહેલી સ્પષ્ટતા, તેણીએ વ્યક્ત કરેલી કૃતજ્ઞતા/આભાર અને તેના આખા જીવનના પરિવર્તનને યાદ કરો. શું તમે માની શકો છો કે આ તે જ સ્ત્રી છે જે આ ભાગની શરૂઆતથી હતી? ઈસુએ તમને તમારા બંધનો અને ગુલામીમાંથી મુક્ત કર્યા તેની કલ્પના (યાદ ) કરો. તમે કેવી રીતે નવા બનવા માંગો છો? તમારા ખભા પર જે ભાર લઈને તમે ચાલી રહ્યા છો, ઇસુને તે ઉતારવા દો અને તેમની પાછળ ચાલો. પ્રભુ ઈસુ વિષે વિચાર કરો.

**આગળ જોવું**

**લાગુકરણ**

- ઈશ્વરે પોતાને વિશ્વાસયોગ્ય કેવી રીતે દર્શાવ્યા?
- તમે ઈશ્વર વિશે જે શીખ્યા છો તેને તમે કેવી રીતે લાગુ કરશો?

**પ્રેક્ટિસ**

- એકબીજાને વાર્તા કહેવાની પ્રેક્ટિસ કરો.

**શેર કરો ( બીજાઓને જણાવો )**

- તમે આ વાર્તા બીજા કોની સાથે શેર કરશો અથવા જણાવશો?

**પ્રાથના**

- તમે જે શીખ્યા એના માટે પ્રભુને ધન્યવાદ આપો.
- એકબીજા માટે પ્રાથના કરો.
- જુથ અને સમુદાયના બીજા લોકો માટે પણ પ્રાથના કરો.

# પાઠ ૪ ઈસુની કરુણા

ઈસુ વિધવાના દીકરાને ઉઠાડે છે (લુક ૭:૧૧-૧૭)

**પાછળ જોવું**

**એકબીજાની સંભાળ રાખો**
• તમે કેવું કરી રહ્યા છો અથવા જીવનમાં શું ચાલી રહ્યું છે તે જણાવો.
• ઉદારતાનો અનુભવ કરો.

**ઈશ્વરની વફાદારી (વિશ્વાસપણાં) ની ઉજવણી કરો**
• જીતમાં (ગવાહી/સાક્ષી) એકબીજાને પ્રોત્સાહિત કરો.

**આરાધના**
• ગીતો અને પ્રાર્થનામાં સાથે મળીને આરાધના કરો.

**દર્શન વિષે જણાવો**
• એકબીજાને ખ્રિસ્તના સમર્પિત અનુયાયી બનવા માટે પ્રોત્સાહિત કરો.

---

શોકને ઊંડા દુ:ખ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, ખાસ કરીને જ્યારે કોઈ મૃત્યુ પામે છે. આ વાર્તામાં એક વિધવા તેના એકમાત્ર પુત્રના મૃત્યુને કારણે શોક કરી રહી હતી. મરિયમ ઈસુને તે સ્ત્રી તરફ આગળ વધતા અને તેના હ્રદયની જરૂરિયાતો પૂરી કરતા જુએ છે. આ કિસ્સામાં, ઈસુએ વિધવાના પુત્રને સાજો કરીને તેણીને સૌથી કિંમતી ભેટ પાછી આપી. ઇસુ હંમેશા આવું કરવાનું પસંદ ન પણ કરી શકે, પરંતુ આપણે હંમેશા દરેક પરિસ્થિતિમાં, અને સૌથી પીડાદાયક દુ:ખમાં પણ તેની કાયમી હાજરી પર આધાર રાખી શકીએ છીએ.

**ઉપર જોવું**

**પગલું ૧:** બતાવો. સેગમેન્ટ (ભાગ ) બે વાર જુઓ.

**પગલું ૨:** કહેવું. જૂથના સભ્યને તેમના પોતાના શબ્દોમાં ભાગ (સેગમેન્ટ)ની વાર્તા કહેવા માટે કહો.

**પગલું ૩:** પૂર્ણ કરો. જૂથને વાર્તામાં કોઈપણ બાકી રહી ગયેલ ભાગ કહેવા માટે કહો

**પગલું ૪:** ચર્ચા કરો. જૂથ ચર્ચા. નોંધ: બધા પ્રશ્નો પૂર્ણ કરવા જરૂરી નથી.

૧. વાર્તામાં તમને સૌથી વધુ શું ગમ્યું? તમારું ધ્યાન કઈ બાબત માટે સૌથી વધુ કેન્દ્રિત થયું?
૨. ઈસુ વિધવાને સંબોધિત કરવા માટે જે કામ કરી રહ્યા હતા તે બંધ કરે છે. આ તેમના હ્રદય વિશે શું દર્શાવે છે?
૩. ઈસુ મૃતકોને સજીવન કરી શકે છે? આ બાબત શું દર્શાવે છે ?
૪. શું તમે ક્યારેય એવી પરિસ્થિતિમાં આવ્યા છો જે તમને નિરાશાજનક લાગી હોય?

**વધુ ઊંડાણમાં જઈએ (જો સમય મળે તો વધુ ચર્ચા કરો)**
૫. ઈસુએ છોકરાને મરણમાંથી ઉઠાડ્યો ત્યારે લોકોએ કેવો પ્રતિભાવ આપ્યો? અને વિધવાએ કેવો પ્રતિભાવ આપ્યો?
૬. શું તમે અત્યારે કોઈ એવી વ્યક્તિ કે વસ્તુ માટે શોક કરી રહ્યા છો? જો એમ હોય, તો શું તમે તે દુ:ખમાંથી બહાર નીકળવામાં ઈશ્વરની મદદ પર વિશ્વાસ કરવા તૈયાર છો?

**સમાપન**

ફક્ત ઈશ્વર જ મૃતકોને શ્વાસ આપી શકે છે. ઈસુ પ્રભુ છે તે સત્ય પર મનન કરો. તે ફક્ત આ માણસ માટે જ નહીં, પરંતુ તેમના સેવાકાર્ય દરમિયાન ત્રણ વખત મૃતકોને સજીવન કરે છે. તે માત્ર શક્તિશાળી જ નથી, પરંતુ તે દયાળુ, નમ્રતા અને દિલાસાથી ભરપૂર છે. પ્રભુ ઈસુ વિષે વિચાર કરો.

**આગળ જોવું**

**લાગુકરણ**
- ઈશ્વરે પોતાને વિશ્વાસયોગ્ય કેવી રીતે દર્શાવ્યા?
- તમે ઈશ્વર વિશે જે શીખ્યા છો તેને તમે કેવી રીતે લાગુ કરશો?

**પ્રેક્ટિસ**
- એકબીજાને વાર્તા કહેવાની પ્રેક્ટિસ કરો.

**શેર કરો ( બીજાઓને જણાવો )**
- તમે આ વાર્તા બીજા કોની સાથે શેર કરશો અથવા જણાવશો?

**પ્રાથના**
- તમે જે શીખ્યા એના માટે પ્રભુને ધન્યવાદ આપો.
- એકબીજા માટે પ્રાથના કરો.
- જુથ અને સમુદાયના બીજા લોકો માટે પણ પ્રાથના કરો.

# પાઠ ૫ સંઘર્ષ અને પૂર્વધારણા

કુંવા પાસેની સ્ત્રી ( યોહાન ૪:૧-૪૨ )

**પાછળ જોવું**

**એકબીજાની સંભાળ રાખો**

• તમે કેવું કરી રહ્યા છો અથવા જીવનમાં શું ચાલી રહ્યું છે તે જણાવો.
• ઉદારતાનો અનુભવ કરો.

**ઈશ્વરની વફાદારી (વિશ્વાસપણાં) ની ઉજવણી કરો**

• જીતમાં (ગવાહી/સાક્ષી) એકબીજાને પ્રોત્સાહિત કરો.

**આરાધના**

• ગીતો અને પ્રાર્થનામાં સાથે મળીને આરાધના કરો.

**દર્શન વિષે જણાવો**

• એકબીજાને ખ્રિસ્તના સમર્પિત અનુયાયી બનવા માટે પ્રોત્સાહિત કરો.

---

શું તમે ક્યારેય કોઈ દ્વારા અપમાનિત થયા છો? અથવા તમને નીચું જોવામાં આવ્યું હોય? આ વાર્તામાં, મરિયમ એક બહિષ્કૃત સમરૂની સ્ત્રીને પાણીના કૂવા તરફ તેની રોજિંદી કામગીરી કરતી જુએ છે. કોઈને ન મળવાની આશામાં, સ્ત્રી દિવસના તાપમાં (બપોરના પહોરમાં) એકલી ચાલે છે. જ્યારે તે કુંવા પાસે પહોંચે છે, ત્યારે તે એક પુરુષને જોઈને નિરાશ થાય છે. તેણીને ખબર પડે છે કે તે ફક્ત એક પુરુષ જ નથી, પરંતુ એક યહૂદી પણ છે. સમરૂનીઓ યહૂદી અને બિન-યહૂદી લોકોનું મિશ્રણ હતા જેમણે ધાર્મિક વિચારો અને માન્યતાઓનું મિશ્રણ કર્યું હતું. યહૂદીઓ અને સમરૂનીઓ એકબીજાને ધિક્કારતા હતા, પરંતુ બંને લોકોના જૂથો આવનારા મસીહા, અથવા તારણહારની રાહ જોતા હતા, જે તેમને તેમના પાપોની માફી આપશે. કલ્પના કરો કે સ્ત્રીને કેટલું આશ્ચર્ય થયું હશે જ્યારે પુરુષ, ઈસુ, સાંસ્કૃતિક તિરસ્કારની અવગણના કરે છે અને તેની પાસે પહોંચે છે. વાર્તાના અંત સુધીમાં, બહિષ્કૃત સમરૂની સ્ત્રી પ્રથમ વ્યક્તિ બને છે જેની સામે ઈસુ સ્પષ્ટપણે પોતાને મસીહા તરીકે પ્રગટ કરે છે.

**ઉપર જોવું**

**પગલું ૧:** બતાવો. સેગમેન્ટ (ભાગ ) બે વાર જુઓ.

**પગલું ૨:** કહેવું. જૂથના સભ્યને તેમના પોતાના શબ્દોમાં ભાગ (સેગમેન્ટ)ની વાર્તા કહેવા માટે કહો.

**પગલું ૩:** પૂર્ણ કરો. જૂથને વાર્તામાં કોઈપણ બાકી રહી ગયેલ ભાગ કહેવા માટે કહો

**પગલું ૪:** ચર્ચા કરો. જૂથ ચર્ચા. નોંધ: બધા પ્રશ્નો પૂર્ણ કરવા જરૂરી નથી.

૧. વાર્તામાં તમને સૌથી વધુ શું ગમ્યું? તમારું ધ્યાન કઈ બાબત માટે સૌથી વધુ કેન્દ્રિત થયું?
૨. ઈસુ તે સ્ત્રીના ભૂતકાળ વિશે બધું જ જાણતા હતા, તે શા માટે મહત્વપૂર્ણ છે?
૩. જ્યારે ઈસુએ તે સ્ત્રીને તેના પોતાના જીવન અને ભૂતકાળના પાપો વિશે બધું કહ્યું ત્યારે તેને કેવું લાગ્યું હશે?
૪. જ્યારે શિષ્યોએ ઈસુને સમરૂની સ્ત્રી સાથે વાત કરતા જોયા, ત્યારે તેમની પ્રતિક્રિયા કેવી હતી, અને તેમની પૂર્વધારણા કેવી રીતે પ્રગટ કરી? આ બાબત ઈસુ વિશે શું કહે છે?

**વધુ ઊંડાણમાં જઈએ (જો સમય મળે તો વધુ ચર્ચા કરો)**

૫. આ વાર્તામાં ઈસુ પોતાના શિષ્યોને શું શીખવવાનો પ્રયાસ કરી રહ્યા હતા?
૬. જ્યારે ઈસુએ સ્ત્રીને કહ્યું કે તેઓ વચન પ્રમાણે આવનાર મસીહા છે ત્યારે તેણીએ શું કર્યું?

**સમાપન**

ઈસુ તમારા ભૂતકાળને જાણે છે એનો અર્થ શું થાય છે તે ધ્યાનમાં લો: તમે લીધેલા દરેક ખરાબ નિર્ણય, દરેક શરમજનક ક્ષણ અને તમારી બધી શરમ. હવે એ સત્ય પર મનન કરો કે આ બધું ખુલ્લું હોવા છતાં, તે તમને માન અને ગૌરવથી જુએ છે. અને ફક્ત તમને જ નહીં, પણ તમે જે લોકોને ધિક્કારતા હોવ તેઓને પણ. બધા લોકો તેમને જાણે એવી તેમની ઇચ્છા છે અને તે વિષે તમે મનન કરો. પ્રભુ ઈસુ વિષે વિચાર કરો.

**આગળ જોવું**

**લાગુકરણ**

- ઈશ્વરે પોતાને વિશ્વાસયોગ્ય કેવી રીતે દર્શાવ્યા?
- તમે ઈશ્વર વિશે જે શીખ્યા છો તેને તમે કેવી રીતે લાગુ કરશો?

**પ્રેક્ટિસ**

- એકબીજાને વાર્તા કહેવાની પ્રેક્ટિસ કરો.

**શેર કરો ( બીજાઓને જણાવો )**

- તમે આ વાર્તા બીજા કોની સાથે શેર કરશો અથવા જણાવશો?

**પ્રાથના**

- તમે જે શીખ્યા એના માટે પ્રભુને ધન્યવાદ આપો.
- એકબીજા માટે પ્રાથના કરો.
- જુથ અને સમુદાયના બીજા લોકો માટે પણ પ્રાથના કરો.

# પાઠ 6 સાજાપણું અને પુનઃસ્થાપન

લોહીવાગ્રસ્ત સ્ત્રી (લોહીની સમસ્યાવાળી સ્ત્રી ) (લુક ૮:૪૦-૪૮)

**પાછળ જોવું**

**એકબીજાની સંભાળ રાખો**

• તમે કેવું કરી રહ્યા છો અથવા જીવનમાં શું ચાલી રહ્યું છે તે જણાવો.
• ઉદારતાનો અનુભવ કરો.

**ઈશ્વરની વફાદારી (વિશ્વાસપણાં) ની ઉજવણી કરો**

• જીતમાં (ગવાહી/સાક્ષી) એકબીજાને પ્રોત્સાહિત કરો.

**આરાધના**

• ગીતો અને પ્રાર્થનામાં સાથે મળીને આરાધના કરો.

**દર્શન વિષે જણાવો**

• એકબીજાને ખ્રિસ્તના સમર્પિત અનુયાયી બનવા માટે પ્રોત્સાહિત કરો.

---

શું તમે ક્યારેય કોઈ શારીરિક કે ભાવનાત્મક ઘાથી છુટકારો મેળવવા માટે દરેક શક્ય પ્રયાસ કર્યો છે? આ વાર્તામાં સ્ત્રીનું માનવું હતું કે જો તે ફક્ત ઈસુના ઝભ્ભાને સ્પર્શ કરી શકે, તો તે આખરે રક્તસ્ત્રાવની સ્થિતિમાંથી સાજી થઈ શકે છે જે ઘણાં લાંબા વર્ષોની સારવાર બાદ પણ વધુ ખરાબ થઈ ગઈ હતી. રક્તસ્ત્રાવની સ્થિતિએ તેણીને બહિષ્કૃત બનાવી દીધી હતી અને તે સમયના ધાર્મિક કાયદાઓ અનુસાર તે અશુદ્ધ ગણાતિ હતી. મોટી ભીડ વચ્ચે, જ્યાં મરિયમ અને અન્ય લોકો ઇસુની નજીકમાં ઉભા હતા ત્યારે તેણીએ ઈસુને સ્પર્શ કરવાનો પ્રયાસ કરવાનું નક્કી કર્યું. જુઓ શું થાય છે.

**ઉપર જોવું**

**પગલું ૧:** બતાવો. સેગમેન્ટ (ભાગ ) બે વાર જુઓ.

**પગલું ૨:** કહેવું. જૂથના સભ્યને તેમના પોતાના શબ્દોમાં ભાગ (સેગમેન્ટ)ની વાર્તા કહેવા માટે કહો.

**પગલું ૩:** પૂર્ણ કરો. જૂથને વાર્તામાં કોઈપણ બાકી રહી ગયેલ ભાગ કહેવા માટે કહો

**પગલું ૪:** ચર્ચા કરો. જૂથ ચર્ચા. નોંધ: બધા પ્રશ્નો પૂર્ણ કરવા જરૂરી નથી.

૧. વાર્તામાં તમને સૌથી વધુ શું ગમ્યું? તમારું ધ્યાન કઈ બાબત માટે સૌથી વધુ કેન્દ્રિત થયું?
૨. તમને શું લાગે છે કે કેમ ઈસુએ તે સ્ત્રીને ટોળા સમક્ષ પોતાની ઓળખ આપવા કહ્યું?
૩. સ્ત્રીની કબૂલાત પર ઈસુનો પ્રતિભાવ શા માટે મહત્વપૂર્ણ છે?
૪. કલ્પના કરો કે આ વાર્તામાં તમે સ્ત્રીની જગ્યાએ છો. સાજા થયા પછીની પહેલી ક્ષણો તમને કેવી લાગશે અને ઈસુ પ્રત્યે તમને કેવું લાગશે?

**વધુ ઊંડાણમાં જઈએ (જો સમય મળે તો વધુ ચર્ચા કરો)**

૫.  એનો શું અર્થ થાય છે કે ઈસુ સઘળું કરી શકે છે જે બીજું કોઈ કરી શકતું નથી?
૬. તમને શું લાગે છે, ઈસુને મળ્યા પહેલાં સ્ત્રીનું જીવન કેવું હશે?

**સમાપન**

મોટી ભીડ વચ્ચે, તે સ્ત્રીએ હાથ લંબાવીને ઈસુના ઝભ્ભાને સ્પર્શ કર્યો. જેમ જેમ તેણીએ ઝભ્ભાનો અનુભવ કર્યો, તેણીએ પણ તેના શરીર પર પુનઃસ્થાપનનો અનુભવ કર્યો. તેણી સાજી થઈ ગઈ હતી! તેણીએ કેટલી રાહત અને કૃતજ્ઞતા અનુભવી હશે તેની કલ્પના કરો. ઈસુએ કહ્યું, "દીકરી, તારા વિશ્વાસે તને સાજી કરી છે. શાંતિથી જા." તેના શબ્દો પર મનન કરો. તેણીની કબૂલાત પછી તેણે આ કહ્યું હતું. જે લોકોના ટોળાએ તેને અશુદ્ધ ગણાવી હતી તેમની સામે, ઈસુએ તેને પુત્રી કહી અને તેના વિશ્વાસનું સન્માન કર્યું. આપણે જીવનમાં જે દુઃખ અને ઘા અનુભવીએ છીએ ઈસુને તેની કાળજી રાખે છે. તે આપણી ભાંગી પડેલી હાલતમાં આપણને મળવા માટે ઝંખે છે. પ્રભુ ઈસુ વિષે વિચાર કરો.

**આગળ જોવું**

**લાગુકરણ**

- ઈશ્વરે પોતાને વિશ્વાસયોગ્ય કેવી રીતે દર્શાવ્યા?
- તમે ઈશ્વર વિશે જે શીખ્યા છો તેને તમે કેવી રીતે લાગુ કરશો?

**પ્રેક્ટિસ**

- એકબીજાને વાર્તા કહેવાની પ્રેક્ટિસ કરો.

**શેર કરો ( બીજાઓને જણાવો )**

- તમે આ વાર્તા બીજા કોની સાથે શેર કરશો અથવા જણાવશો?

**પ્રાથના**

- તમે જે શીખ્યા એના માટે પ્રભુને ધન્યવાદ આપો.
- એકબીજા માટે પ્રાથના કરો.
- જુથ અને સમુદાયના બીજા લોકો માટે પણ પ્રાથના કરો.

# પાઠ ૭ શરમ અને સન્માન

વ્યભિચારી સ્ત્રીને માફ કરવામાં આવી (યોહાન ૮:૧-૧૧)

**પાછળ જોવું**

**એકબીજાની સંભાળ રાખો**
• તમે કેવું કરી રહ્યા છો અથવા જીવનમાં શું ચાલી રહ્યું છે તે જણાવો.
• ઉદારતાનો અનુભવ કરો.

**ઈશ્વરની વફાદારી (વિશ્વાસપણાં) ની ઉજવણી કરો**
• જીતમાં (ગવાહી/સાક્ષી) એકબીજાને પ્રોત્સાહિત કરો.

**આરાધના**
• ગીતો અને પ્રાર્થનામાં સાથે મળીને આરાધના કરો.

**દર્શન વિષે જણાવો**
• એકબીજાને ખ્રિસ્તના સમર્પિત અનુયાયી બનવા માટે પ્રોત્સાહિત કરો.

---

ઈસુના સમયના ધાર્મિક નેતાઓએ "મુસાના નિયમ" અમુક ચોક્કસ નીતિ અને નિયમો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ઈશ્વર સાથે સંબંધ બાંધવા માટે લોકોએ નિયમનું સંપૂર્ણ રીતે પાલન કરવું પડતું હતું. કમનસીબે, કોઈ પણ વ્યક્તિ નિયમની બધી જરૂરિયાતોનું પાલન કરી શકતું નથી કારણ કે આપણા બધાની સમસ્યા એક જ છે: પાપ. હિબ્રૂ ભાષામાં પાપનો અર્થ "નિષ્ફળ થવું" અથવા "ધ્યેય ચૂકી જવું" થાય છે. નિયમ અનુસાર, આપણે બધા દોષિત છીએ અને મૃત્યુને પાત્ર છીએ. તારણહાર વિના, આપણે બધા વિનાશકારી હતા. છતાં ઈસુ આપણા પાપનો દંડ ચૂકવવા માટે આપણી જગ્યાએ પોતાને અર્પણ કરવા માટે દુનિયામાં આવ્યા. આ વાર્તામાં, એક પાપી સ્ત્રીને ઈસુ પાસે લાવવામાં આવે છે. જુઓ આગળ શું થાય છે.

**ઉપર જોવું**

**પગલું ૧:** બતાવો. સેગમેન્ટ (ભાગ ) બે વાર જુઓ.

**પગલું ૨:** કહેવું. જૂથના સભ્યને તેમના પોતાના શબ્દોમાં ભાગ (સેગમેન્ટ)ની વાર્તા કહેવા માટે કહો.

**પગલું ૩:** પૂર્ણ કરો. જૂથને વાર્તામાં કોઈપણ બાકી રહી ગયેલ ભાગ કહેવા માટે કહો

**પગલું ૪:** ચર્ચા કરો. જૂથ ચર્ચા. નોંધ: બધા પ્રશ્નો પૂર્ણ કરવા જરૂરી નથી.

૧. વાર્તામાં તમને સૌથી વધુ શું ગમ્યું? તમારું ધ્યાન કઈ બાબત માટે સૌથી વધુ કેન્દ્રિત થયું?
૨. નિયમશાસ્ત્ર મુજબ, વ્યભિચારમાં પકડાયેલા પુરુષ અને સ્ત્રી બંનેને સજા થવાની હતી, પરંતુ ફક્ત સ્ત્રીને જ ઈસુ પાસે લાવવામાં આવે છે. તમારા મંતવ્ય મુજબશા માટે ફક્ત સ્ત્રીને જ ન્યાય માટે લાવવામાં આવતી હતી?
૩. ઈસુએ આપેલ જવાબ ધાર્મિક નેતાઓ અને સ્ત્રી બંને માટે શા માટે મહત્વપૂર્ણ હતો?
૪. ઈસુએ જ્યારે કહ્યું, "હું પણ તને દોષિત ઠરાવીશ નહીં?" આ સાંભળીને તે સ્ત્રીને કેવું લાગ્યું હશે?

**વધુ ઊંડાણમાં જઈએ (જો સમય મળે તો વધુ ચર્ચા કરો)**
૫. તમને શું લાગે છે કે ઈસુ શા માટે આ રીતે જવાબ આપે છે? તમને શું લાગે છે કે ઇસુ તેઓને શું સમજાવવા માંગે છે?
૬. જો તમે ધાર્મિક નેતાઓની જગ્યાએ હોત, તો ઈસુના જવાબ પર તમારો પ્રતિભાવ શું હોત?

**સમાપન**

ઈસુએ સ્ત્રી અને ધાર્મિક નેતાઓ બંનેને કેવી રીતે પ્રતિક્રિયા આપી તેના પર વિચાર કરો. ઇસુ જાણતા હતા કે પુરુષોને સ્ત્રીની ચિંતા હતી એટલે ઇસુ પાસે લાવે છે એવું નથી, પરંતુ ફક્ત તેણીને શરમાવવા અને ઈસુને ફસાવવા માટે લાવે છે. તેણે સ્ત્રીના વર્તનને માફ કરવાનું પસંદ કર્યું, નહીં કે ધાર્મિક નેતાઓ સાથે પોતાને જોડવાનું. તેમણે સમજદારીપૂર્વક બધાને સંતોષકારી જવાબ આપ્યા.

ઈસુના હૃદયે બંને પક્ષોને પસ્તાવો કરવા માટે કેવી રીતે દોર્યાં તે ધ્યાનમાં લો. ઈસુ પાપોને માફ કરી શકે છે - જે ફક્ત ઈશ્વર જ કરી શકે છે - કારણ કે તે ઈશ્વર છે. જ્યારે આપણે ઈસુના અનુયાયીઓ બનવાનું પસંદ કરીએ છીએ, ત્યારે તે આપણને માફ કરે છે અને તેમનામાં આપણને નવું જીવન આપે છે. પ્રભુ ઈસુ વિષે વિચાર કરો.



**આગળ જોવું**

**લાગુકરણ**
- ઈશ્વરે પોતાને વિશ્વાસયોગ્ય કેવી રીતે દર્શાવ્યા?
- તમે ઈશ્વર વિશે જે શીખ્યા છો તેને તમે કેવી રીતે લાગુ કરશો?

**પ્રેક્ટિસ**
- એકબીજાને વાર્તા કહેવાની પ્રેક્ટિસ કરો.

**શેર કરો ( બીજાઓને જણાવો )**
- તમે આ વાર્તા બીજા કોની સાથે શેર કરશો અથવા જણાવશો?

**પ્રાથના**
- તમે જે શીખ્યા એના માટે પ્રભુને ધન્યવાદ આપો.
- એકબીજા માટે પ્રાથના કરો.
- જુથ અને સમુદાયના બીજા લોકો માટે પણ પ્રાથના કરો.

# પાઠ ૮ ઈસુનું મૃત્યુ અને પુનરુત્થાન

મગ્દલાની મરીયમ ઈસુના મૃત્યુ અને પુનરુત્થાનનું વર્ણન કરે છે (માથ્થી ૨૭-૨૮)

**પાછળ જોવું**

**એકબીજાની સંભાળ રાખો**
• તમે કેવું કરી રહ્યા છો અથવા જીવનમાં શું ચાલી રહ્યું છે તે જણાવો.
• ઉદારતાનો અનુભવ કરો.

**ઈશ્વરની વફાદારી (વિશ્વાસપણાં) ની ઉજવણી કરો**
• જીતમાં (ગવાહી/સાક્ષી) એકબીજાને પ્રોત્સાહિત કરો.

**આરાધના**
• ગીતો અને પ્રાર્થનામાં સાથે મળીને આરાધના કરો.

**દર્શન વિષે જણાવો**
• એકબીજાને ખ્રિસ્તના સમર્પિત અનુયાયી બનવા માટે પ્રોત્સાહિત કરો.

---

ઈસુનું મૃત્યુ થયું એ રાત્રિએ, સ્ત્રીઓ ઈસુના શરીર પર સુગંધી દ્રવ્યો લગાવવા માટે મસાલા અને મલમ તૈયાર કરવા માટે ઉતાવળમાં ઘરે ગઈ. બીજા દિવસે, તેઓએ શાબાથ દિવસનું સન્માન કર્યું અને તેમના પ્રભુના શરીરમાં પાછા ફરવાની આશા સાથે આરામ કર્યો. ઈસુને મળેલા મારને યાદ કરીને તેઓ આંસુઓથી ભરાઈ ગયા અને તેમના મૃત્યુની છબીઓ તેમના મનમાં ફરી વળતાં તેમના હૃદયમાં દુઃખ થયું. તેમના પ્રિય મિત્ર, તેમના રક્ષક અને તેમના રાજા મૃત્યુ પામ્યા હતા.

**ઉપર જોવું**

**પગલું ૧:** બતાવો. સેગમેન્ટ (ભાગ ) બે વાર જુઓ.

**પગલું ૨:** કહેવું. જૂથના સભ્યને તેમના પોતાના શબ્દોમાં ભાગ (સેગમેન્ટ)ની વાર્તા કહેવા માટે કહો.

**પગલું ૩:** પૂર્ણ કરો. જૂથને વાર્તામાં કોઈપણ બાકી રહી ગયેલ ભાગ કહેવા માટે કહો

**પગલું ૪:** ચર્ચા કરો. જૂથ ચર્ચા. નોંધ: બધા પ્રશ્નો પૂર્ણ કરવા જરૂરી નથી.

૧. વાર્તામાં તમને સૌથી વધુ શું ગમ્યું? તમારું ધ્યાન કઈ બાબત માટે સૌથી વધુ કેન્દ્રિત થયું?
૨. જૂના કરારમાં પ્રબોધકો દ્વારા ઈસુના મૃત્યુની ભવિષ્યવાણી કરવામાં આવી હતી તે શા માટે મહત્વપૂર્ણ છે?
૩. મરિયમ અહીં આપણા પાપ અને મૃત્યુના શાપનો ઉલ્લેખ કરે છે. ઈસુના મૃત્યુ અને પુનરુત્થાનથી આ બંને બાબતો પર કેવી રીતે વિજય મળ્યો?
૪. મરિયમ રિબકાને કહે છે, "તું એક પ્રિય દીકરી છે." ઈસુનું મૃત્યુ અને પુનરુત્થાન કેવી રીતે દર્શાવે છે કે આપણે ઈશ્વરના પ્રિય છીએ?

**વધુ ઊંડાણમાં જઈએ (જો સમય મળે તો વધુ ચર્ચા કરો)**
૫. ઈસુ પોતાના મૃત્યુ પછી મરિયમ અને શિષ્યોને ઘણી વાર દેખાયા (દર્શન આપ્યું ) તે શા માટે મહત્વપૂર્ણ છે?
૬. ગીતશાસ્ત્ર ૨૨ એકસાથે વાંચો. કઈ કલમો ઈસુને મસીહા તરીકે પુષ્ટિ આપે છે?
૭. ઈસુના મૃત્યુ અને પુનરુત્થાન વચ્ચે ત્રણ દિવસનો સમય હતો. ઈસુના મૃત્યુ પછી તેમના બધા શિષ્યોને કેવું લાગ્યું હશે?

**સમાપન**

યશાયા પ્રબોધકના શબ્દો પર મનન કરો, "પણ આપણા અપરાધોને  કારણે તે વીંધાયો, આપણા પાપોને કારણે કચડી નાખવામાં આવ્યો; આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા કરવામાં આવી, અને આપણે તેના ઘાવથી સાજા થયા છીએ" (યશાયા ૫૩:૫). ઈસુએ લોકોને ખૂબ પ્રેમ કર્યો. તેમણે તેમને એટલા ઊંડાણપૂર્વક અને એટલા સંપૂર્ણ રીતે મૂલ્યવાન ગણ્યા કે તે શાપિત થઈ ગયા, ઈશ્વરથી અલગ થવાનું સહન કર્યું અને આપણા માટે મૃત્યુ પામ્યા. અને જ્યારે તે મૃત્યુમાંથી સજીવન થયા, ત્યારે તેમણે સાબિત કર્યું કે તે ખરેખર ઈશ્વર છે. ઈસુએ તેમના મૃત્યુ અને પુનરુત્થાનમાં જે કરુણા અને શક્તિ દર્શાવી હતી તેનો વિચાર કરો. પ્રભુ ઈસુ વિષે વિચાર કરો.

**આગળ જોવું**

**લાગુકરણ**

- ઈશ્વરે પોતાને વિશ્વાસયોગ્ય કેવી રીતે દર્શાવ્યા?
- તમે ઈશ્વર વિશે જે શીખ્યા છો તેને તમે કેવી રીતે લાગુ કરશો?

**પ્રેક્ટિસ**

- એકબીજાને વાર્તા કહેવાની પ્રેક્ટિસ કરો.

**શેર કરો ( બીજાઓને જણાવો )**

- તમે આ વાર્તા બીજા કોની સાથે શેર કરશો અથવા જણાવશો?

**પ્રાથના**

- તમે જે શીખ્યા એના માટે પ્રભુને ધન્યવાદ આપો.
- એકબીજા માટે પ્રાથના કરો.
- જુથ અને સમુદાયના બીજા લોકો માટે પણ પ્રાથના કરો.

# પાઠ ૯ ઈસુ અને તેમની ક્ષમા વિશે જાણવું

રિબકા વિશ્વાસ કરે છે (લુક ૨૪: ૩૬-૫૦)

**પાછળ જોવું**

**એકબીજાની સંભાળ રાખો**
• તમે કેવું કરી રહ્યા છો અથવા જીવનમાં શું ચાલી રહ્યું છે તે જણાવો.
• ઉદારતાનો અનુભવ કરો.

**ઈશ્વરની વફાદારી (વિશ્વાસપણાં) ની ઉજવણી કરો**
• જીતમાં (ગવાહી/સાક્ષી) એકબીજાને પ્રોત્સાહિત કરો.

**આરાધના**
• ગીતો અને પ્રાર્થનામાં સાથે મળીને આરાધના કરો.

**દર્શન વિષે જણાવો**
• એકબીજાને ખ્રિસ્તના સમર્પિત અનુયાયી બનવા માટે પ્રોત્સાહિત કરો.

---

જ્યારે મરિયમ (ઈશ્વરની) વાર્તાની સમીક્ષા કરે છે ત્યારે આપણે આપણી શ્રેણીના અંતમાં પહોંચીએ છીએ. ઈશ્વર આપણ દરેકને જુએ છે અને જાણે છે. તે તારણહાર છે, ઈશ્વર દેહધારી થયા, જે ગુલામીમાંથી સ્વતંત્રતા અને મુક્તિ આપે છે. તે મૃતકોને જીવંત કરવા માટે શક્તિશાળી છે અને લોકોને તેમના સૌથી ઊંડા દુ:ખ અને શોકમાં મળવા માટે પૂરતો દયાળુ છે. તેમની પાસે આપણને માફ કરવા અને મુક્તિ આપવાનો સંપૂર્ણ અધિકાર છે, પછી ભલે આપણે સૌથી ભયાનક અને શરમજનક કાર્યો કાર્ય હોય. તેમના શબ્દ અંતિમ છે, મૃત્યુમાં પણ.

રિબકા ઈસુને કેવી રીતે જવાબ આપે છે તે જુઓ.

**ઉપર જોવું**

**પગલું ૧:** બતાવો. સેગમેન્ટ (ભાગ ) બે વાર જુઓ.

**પગલું ૨:** કહેવું. જૂથના સભ્યને તેમના પોતાના શબ્દોમાં ભાગ (સેગમેન્ટ)ની વાર્તા કહેવા માટે કહો.

**પગલું ૩:** પૂર્ણ કરો. જૂથને વાર્તામાં કોઈપણ બાકી રહી ગયેલ ભાગ કહેવા માટે કહો

**પગલું ૪:** ચર્ચા કરો. જૂથ ચર્ચા. નોંધ: બધા પ્રશ્નો પૂર્ણ કરવા જરૂરી નથી.

૧. મરિયમે ઈસુના જીવનની જે સમીક્ષા કરી તેમાં તમને સૌથી વધુ શું ગમ્યું? કઈ બાબતે તમારું ધ્યાન ખેંચ્યું?
૨. ઈસુની લાક્ષણિકતાઓમાંથી કઈ લાક્ષણિકતા અથવા ગુણ તમારા માટે સૌથી વધુ અર્થપૂર્ણ રહ્યો છે?
૩. ઈશ્વર સાથે આપણા પાપનું સમાધાન કેવી રીતે થાય છે?
૪. રિબકાને ખાતરી નહોતી કે તેને પાપોની માફી મળી શકે છે. પરંતુ શા માટે એ મહત્વનું છે કે રિબકાનો વિશ્વાસ ફક્ત ઈશ્વરના શબ્દ અને તેમની ક્ષમા પર હતો, નહીં કે તેના પોતાના અનુભવો કે વર્તન પર ?
૫. શું તમારામાંથી કોઈએ રિબકા સાથે પ્રાર્થના કરી હતી? શું તમારામાંથી કોઈને કહેવું ગમશે?

**વધુ ઊંડાણમાં જઈએ (જો સમય મળે તો વધુ ચર્ચા કરો)**
૬. ઈસુના અનુયાયી માટે પોતાના તારણની ખાતરી હોવી શા માટે મહત્વપૂર્ણ છે?
૭. શું તમે રિબકાની આનાકાની સાથે સહમત થઈ શકો છો? જો એમ હોય, તો કૃપા કરીને તમારી આનાકાની અથવા ચિંતાઓ જણાવો.
૮. શું તમે હમણાં ઈસુને તમારું જીવન સમર્પિત કરવાનું વિચારી રહ્યા છો?

**સમાપન**

આ ભાગમાં, આપણે રિબકાને ઈસુને અનુસરવાનો નિર્ણય લેતા જોઈએ છીએ. તેમને અનુસરવાના પરિણામો અને તમારા જીવન માટે તેનો શું અર્થ થશે તે ધ્યાનમાં લો. શું તમે પાપથી મુક્ત થવા માંગો છો? માફી અને મુક્તિ મેળવવા માંગો છો? ઈશ્વરના ધ્યાનમાં આવવું અને જાણીતા થવા માંગો છો? કોઈના પર ભરોસો રાખવા માંગો છો?

ઈસુ આપણી પાસેથી સાચો વિશ્વાસ અને પાપ પર પ્રામાણિક દુ:ખની અપેક્ષા રાખે છે. એકવાર તમે તેમની પાસે આવી જાઓ, પછી તમે ખાતરી રાખી શકો છો કે તે હવે અને હંમેશ માટે તમારા વિશ્વાસને જોશે અને તેનું સન્માન કરશે. હવે જ્યારે તમે ઈસુ વિષે વિચાર કર્યો છે, ત્યારે નિર્ણય લેવાનો સમય આવી ગયો છે. શું તમે તેમને અનુસરશો?

* લીડર માટે નોંધ: કોઈને ઈસુને અનુસરવાનો નિર્ણય લેવાની તક આપવી મહત્વપૂર્ણ છે. જૂથને પૂછવાનું ભૂલશો નહીં કે, "શું કોઈએ રિબકા સાથે પ્રાર્થના કરી હતી? શું તમારામાંથી કોઈને તે જણાવવું ગમશે?" જો તે વધુ યોગ્ય હોય, તો જૂથની બહારની દરેક સ્ત્રીનો વ્યક્તિગત રીતે સંપર્ક કરો.

**આગળ જોવું**

**લાગુકરણ**
- ઈશ્વરે પોતાને વિશ્વાસયોગ્ય કેવી રીતે દર્શાવ્યા?
- તમે ઈશ્વર વિશે જે શીખ્યા છો તેને તમે કેવી રીતે લાગુ કરશો?

**પ્રેક્ટિસ**
- એકબીજાને વાર્તા કહેવાની પ્રેક્ટિસ કરો.

**શેર કરો ( બીજાઓને જણાવો )**
- તમે આ વાર્તા બીજા કોની સાથે શેર કરશો અથવા જણાવશો?

**પ્રાથના**
- તમે જે શીખ્યા એના માટે પ્રભુને ધન્યવાદ આપો.
- એકબીજા માટે પ્રાથના કરો.
- જુથ અને સમુદાયના બીજા લોકો માટે પણ પ્રાથના કરો.

# પાઠ ૧૦ ઈસુ સાથે રહેવું

ખ્રિસ્તી જીવન જીવવું (માથ્થી ૨૮:૧૮-૨૦)

**પાછળ જોવું**

**એકબીજાની સંભાળ રાખો**

• તમે કેવું કરી રહ્યા છો અથવા જીવનમાં શું ચાલી રહ્યું છે તે જણાવો.
• ઉદારતાનો અનુભવ કરો.

**ઈશ્વરની વફાદારી (વિશ્વાસપણાં) ની ઉજવણી કરો**

• જીતમાં (ગવાહી/સાક્ષી) એકબીજાને પ્રોત્સાહિત કરો.

**આરાધના**

• ગીતો અને પ્રાર્થનામાં સાથે મળીને આરાધના કરો.

**દર્શન વિષે જણાવો**

• એકબીજાને ખ્રિસ્તના સમર્પિત અનુયાયી બનવા માટે પ્રોત્સાહિત કરો.

---

ઈસુને અનુસરવાનો અર્થ એ છે કે જેમ મરિયમનું રૂપાંતર થયું હતું, તેમ તમે પણ રૂપાંતરિત થશો. તે આપણને કંઈક મહાન બાબતો તરફ બોલાવે છે - જેમ કે તેમની ઓળખમાં જીવન જીવવું અને ગૌરવ, આશા, અને ભલાઈ વહન કરવા. તે આપણને જીવનના શબ્દો જેણે આપણને બદલી નાખ્યા છે તે બીજાઓ સાથે વહેંચવા માટે બોલાવે છે. તે આપણને તેમના શબ્દ અને તેમના આદેશો પર વિશ્વાસ કરવા માટે બોલાવે છે, એ જાણે છે કે તે આપણા માટે છે. તે આપણને તેમનામાં સુરક્ષિત રીતે આરામ કરવા માટે બોલાવે છે, કારણ કે એ આપણા દરેક ભાગને જાણે છે અને સમજે છે.

**ઉપર જોવું**

**પગલું ૧:** બતાવો. સેગમેન્ટ (ભાગ ) બે વાર જુઓ.

**પગલું ૨:** કહેવું. જૂથના સભ્યને તેમના પોતાના શબ્દોમાં ભાગ (સેગમેન્ટ)ની વાર્તા કહેવા માટે કહો.

**પગલું ૩:** પૂર્ણ કરો. જૂથને વાર્તામાં કોઈપણ બાકી રહી ગયેલ ભાગ કહેવા માટે કહો

**પગલું ૪:** ચર્ચા કરો. જૂથ ચર્ચા. નોંધ: બધા પ્રશ્નો પૂર્ણ કરવા જરૂરી નથી.

૧. ખ્રિસ્તી જીવનના આહવાન (તેડું) વિશે તમને સૌથી વધુ શું ગમ્યું? કઈ બાબત પ્રત્યે તમારું ધ્યાન વધુ કેન્દ્રિત થયું ?
૨. ઈસુને અનુસરવાનું કેવું લાગે છે અથવા કેવો અનુભવ છે?
૩. ઈસુના છેલ્લા શબ્દોએ તમારા પર શું પ્રભાવ પાડ્યો?
૪. તમારા જીવનના કયા પાસાઓ (ભાગો)માં ઈસુ પરિવર્તન લાવે તેવું તમે ઇચ્છો છો?

**વધુ ઊંડાણમાં જઈએ (જો સમય મળે તો વધુ ચર્ચા કરો)**

૫. ઈસુને તમારા જીવનમાં પરિવર્તન લાવવા દેવા વિશે તમને સૌથી વધુ શું ડર લાગે છે?
૬. ઈસુના શબ્દોએ તમને કેવી રીતે (કેવો ) પડકાર આપ્યો છે?

**સમાપન**

ઈસુએ પોતાના શિષ્યોને કહેલા છેલ્લા શબ્દોના ત્રણ મુખ્ય ભાગો પર વિચાર કરો. ઈસુએ જાહેર કર્યું કે તેમને સ્વર્ગ અને પૃથ્વી પરનો સઘળો અધિકાર આપવામાં આવ્યો છે. તે આપણને શિષ્યો બનાવવાનો આદેશ આપે છે, તેમણે જે કંઈ આજ્ઞા આપી છે તેનું પાલન કરવાનું શીખવે છે. અને તે આપણને ખાતરી આપે છે કે તે યુગના અંત સુધી આપણી સાથે છે. ઈસુની છેલ્લી ઘોષણા, આજ્ઞા અને ખાતરીને પ્રતિબિંબિત કરવાનો તમારા જીવન માટે શું અર્થ થશે તે વિચારો. પ્રભુ ઈસુ વિષે વિચાર કરો.

તમે ઈસુને અનુસરવા માટે તૈયાર છો કે નહીં, શું તમે તેમના વિશે શીખવાનું ચાલુ રાખવા માંગો છો અને તમે તેમને કેવી રીતે અનુસરી શકો છો? તમારી આત્મિક યાત્રામાં સાથે શીખવા અને વૃદ્ધિ કરવા માટે વધુ તકો ઉપલબ્ધ છે. જોકે અહીં "પ્રભુ ઈસુ વિષે વિચાર કરો." અભ્યાસક્રમ સમાપ્ત થાય છે, તમે આગળ ઘણા પગલાં લઈ શકો છો. તમારામાંના દરેક માટે આગળનું પગલું કેવું હોઈ શકે છે તેની સાથે મળીને ચર્ચા કરો. રિબકા અથવા "ઇસુને જાણવું" એ જીસસ ફિલ્મ પ્રોજેક્ટ દ્વારા સૂચવેલા આગામી પગલાં છે. આ સાધનો વિશેની વધુ માહિતી લીડરની માર્ગદર્શિકાના ચાર પગલામાં શમાવેશ કરવામાં આવેલ છે. તમે જે શીખ્યા છો તે અન્ય લોકો સાથે શેર કરવા અને તમારું પોતાનું "પ્રભુ ઈસુ વિષે વિચાર કરો." જૂથ શરૂ કરવા પણ ઇચ્છી શકો છો. જો આ તમારા માટે આગળનું યોગ્ય પગલું છે તો તમારા ગ્રુપ લીડરને સલાહ અને સમર્થન માટે પૂછો.

**આગળ જોવું**

**લાગુકરણ**
- ઈશ્વરે પોતાને વિશ્વાસયોગ્ય કેવી રીતે દર્શાવ્યા?
- તમે ઈશ્વર વિશે જે શીખ્યા છો તેને તમે કેવી રીતે લાગુ કરશો?

**પ્રેક્ટિસ**
- એકબીજાને વાર્તા કહેવાની પ્રેક્ટિસ કરો.

**શેર કરો ( બીજાઓને જણાવો )**
- તમે આ વાર્તા બીજા કોની સાથે શેર કરશો અથવા જણાવશો?

**પ્રાથના**
- તમે જે શીખ્યા એના માટે પ્રભુને ધન્યવાદ આપો.
- એકબીજા માટે પ્રાથના કરો.
- જુથ અને સમુદાયના બીજા લોકો માટે પણ પ્રાથના કરો.

## પ્રભુ ઈસુ વિષે વિચાર કરો.

સમુદાયના નાના જૂથો માટે ૧૦ અઠવાડિયા માટેની વ્યૂહરચના